ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૧-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

# 'આપ'ના ગળાની ફાંસ બની ગયેલા સોમનાથ

અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી અને એમના નેતૃત્વ હેઠળની દિલ્હી સરકાર બંને હજી શૈશવકાળમાં છે. બાળક જનમતાંની સાથે ઊભું થઈને ચાલવા નથી લાગતું. એ શરૂ શરૂમાં તો સૂતું જ રહે છે, પછી માતાના ટેકાથી બેસતું થાય છે, ભાંખડિયાં ભરે છે અને ઘણા પ્રયત્નો પછી ચાલતાં શીખે છે. કેજરીવાલની સરકાર રચાતાંની સાથે પૂરપાટ દોડવા લાગી હતી. સ્વાભાવિક છે કે આવી અસ્વાભાવિક અને અવહેવારુ ચેષ્ટા એને કયારેક ઠેસ વગાડી જ બેસે. કેજરીવાલ સરકાર આવી ઠેસ અને ઠેબાં ખમીને પણ આગળ વધવા કૃતસંકલ્પ છે. એને પણ 'બાળહઠ'માં ખપાવી પ્રજા તેમ જ વ્યૂહાત્મક ગણતરીઓથી સમર્થન આપનાર કોંગ્રેસ કદાચ ચલાવી લેત; પરંતુ રાજય સરકારના કાયદામંત્રી સોમનાથ ભારતીની ઉદ્દંડ દબંગાઈ સામે મુખ્ય વિરોધ પક્ષ ભારતીય જનતા પાર્ટી ઉપરાંત રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા સખત વિરોધ નોંધાવાયા પછી કોંગ્રેસ ચૂપ રહી શકે એવી શકયતા જ કયાં બચી હતી? કોંગ્રેસનાં જ મહિલા અગ્રણી રાષ્ટ્રીય મહિલા આયોગનાં અધ્યક્ષ છે. જયારે રાતના ત્રણ વાગ્યે સોમનાથ ભારતી એમના સાગરીતો સાથે વિદેશી મહિલાઓના રહેઠામ પર રેડ પાડવા પહોંચી ગયા ત્યારે સ્વાભાવિક રીતે જ એમણે દેશના પ્રવર્તમાન કાનૂનનો ભંગ કર્યો ગણાય. સોમનાથ અને રાખી બિરલાનો દાવો છે કે એ લોકો દિલ્હીમાં ચાલી રહેલા ગોરખધંધાઓની જગ્યાઓ પર રેડ પાડી ડ્રગ્સ અને સેકસનાં ગેરકાયેદસર નરકથાણાંને નાથવા માગતા હતા. રાતના સમયે સ્ત્રીની ધરપકડ ન થઈ શકે, એવો નિયમ બતાવી પોલીસે એમને સહકાર આપવાનો ઈનકાર કર્યો ત્યારે એવું અર્થઘટન કરાયું કે આ તમામ ગોરખધંધા પોલીસની રહેમનજર હેઠળ ચાલે છે અને પોલીસને એ લોકો તરફથી નિયમિત હપ્તા મળે છે. સોમનાથ ભારતીની વાતમાં તથ્ય હોય એવું પણ લાગે છે. પરંતુ એમણે યુગાંડાની મહિલાઓ સાથે જે અભદ્ર વહેવાર કર્યો, એથી દેશની શાખ પર પણ અસર પડે તે સમજવું જોઈતું હતું. યુગાંડાની મહિલાએ મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન આપી સોમનાથને એમના ફોટા પરથી ઓળખી બતાવ્યા છે. એમણે વંશીય ટિપ્પણી કર્યાનો આક્ષેપ પણ મૂકયો છે. અરવિંદ કેજરીવાલ સોમનાથ ભારતીના બચાવમાં આખી સરકારને રસ્તા પર ધરણાં કરવા લઈ આવ્યા એથી વાત વધુ વણસી છે. કેન્દ્ર સરકાર સામે સીધી ટક્કરમાં આવી ગયેલ દિલ્હી મુખ્યમંત્રીએ ગૃહમંત્રી સુશીલકુમાર શીંદેને પડકાર્યા અને પ્રજાસત્તાક દિને રાજપથ પર લોકોનાં ટોળાં ઉતારી દેવા સુધીની ધમકી આપી. આ બધું રીઢા કોંગ્રેસી નેતાઓ માટે દેખીતી રીતે જ અસહ્ય હતું, પરંતુ સાપે છછુંદર ગળી લીધા જેવી સ્થિતિમાં કોંગ્રેસ અવઢવ અનુભવી રહી. આખરે રાહુલ ગાંધી સાથે ચર્ચા કર્યા પછી ગૃહમંત્રીએ દિલ્હીના ઉપરાજયપાલની મધ્યસ્થીથી ત્રણ પોલીસ કર્મચારીઓને રજા પર ઉતરાવી મામલો થાળે પાડ્યો હતો. જો કે સોમનાથ ભારતી વિરુદ્ધ ઊઠેલો મહિલા કોંગ્રેસ અને મહિલા આયોગનો ઉગ્ર વિરોધ લાંબે ગાળે કોંગ્રેસને દિલ્હીની પગ નીચેથી સરકી ગયેલી જમીન પાછી મેળવવામાં મદદરૂપ બનશે, એવી ગણતરીથી સોમનાથ ભારતીને મંત્રીમંડળમાંથી પાણીચું અપાવવાની માગણી પણ બુલંદ કરાઈ છે અને ભાજપનીનેતાગીરી દ્વારા સોમનાથ ભારતીનો વિરોધ થાય તે પહેલાં ખુદ કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા અને શીલા મંત્રીમંડળના પૂર્વ મંત્રી અરવિંદસિંહ લવલી પોતે આ મુદ્દે દિલ્હીના ઉપરાજયપાલશ્રી નજીબ જંગને મળી રજૂઆત કરી આવ્યા છે. એમણે સોમનાથ ભારતી મુદ્દે સમર્થન પાછું ખેંચી લેવા સુધીની વાત કરી છે. કેજરીવાલે પોતે પણ ઉપરાજયપાલને મળીને એમનો પક્ષ રજૂ કર્યો છે. પરંતુ હકીકત એ છે કે કેજરીવાલ સોમનાથને બચાવવા જશે તો એમની આખી સરકારને જવું પડે એવા સંજોગો સરજાયા છે. કોંગ્રેસ અને ભાજપઃ બેઉ મોટા રાષ્ટ્રીય પક્ષોએ એમને સાણસામાં લીધા છે. કેજરીવાલ બે પોલીસવાળાઓને રજા ઉપર ઉતરાવી શકતા હોય તો એમના ગળાની ફાંસ બની રહેલા કાયદો નહીં જાણનારા કાયદામંત્રીને કેમ રજા પર નથી ઉતારી શકતા? ભાજપના પ્રવકતા અને દિલ્હીના નેતા પૂર્વ સાંસદ કીર્તિ આઝાદનો આ ધારદાર પ્રશ્ન હજી અનુત્તર જ રહ્યો છે. કેજરીવાલ પાસે સ્પષ્ટ બહુમતી નથી. એમને સરકાર ચલાવવી હશે તો તે કોંગ્રેસના આઠ સભ્યોના સમર્થન વગર શકય નથી બનવાનું. બીજી તરફ ચૂંટણીઓ નજીક આવતી હોઈ ભાજપ શકય એટલું વહેલું રાષ્ટ્રપતિ શાસન ઈચ્છે છે. કોંગ્રેસ કેજરીવાલને એટલા જલ્દી ઉઠાડી મૂકીને આગામી લોકસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી દ્વારા થનારો આડકતરો લાભ જતો કરવા ન જ માગે, તે સમજી શકાય એમ છે. 'આપ' જેટલું વધારે ચગે, એટલું 'ભાજપ'ને જ નડશે, એવી રાજકીય ગણતરી ખોટી પણ નથી. મોદીના નામનું વાવાઝોડું અટકાવવામાં 'આપ' અને અરવિંદ કેજરીવાલના નામનું મોજું કોંગ્રેસને મદદરૂપ થઈ શકે એમ છે, એ મુદ્દે ભાજપ પણ ખાસ્સું ચિંતિત છે. સોમનાથ ભારતી જેવા વધુ પડતા ઉત્સાહી મંત્રીઓ 'આપ'ની પ્રતિષ્ઠા વધારવા માટે રાત-ઉજાગરા કરતા હશે પરંતુ કૂટણખાનાં કે ડ્રગથાણાં પર કરવા ધારેલી રેડ હાલપૂરતી તો એમને બૂમરેંગ થઈ છે.

# 'ખેલ મહાકુંભ'થી પ્રોત્સાહિત ભાજપનો લોન્ગ જમ્પ રામલીલા મેદાન દિલ્હી ખાતે યોજે છે 'ખેલ સંસદ'




ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ખાતે રમત ગમત સેલની પ્રદેશ કારોબારી યોજાઈ હતી. જેમાં ખેલ અને ખેલાડીઓના સન્માન માટે ૨૦મી ફેબ્રુઆરી ચલો દિલ્હીનું આહવાન અપાયું હતું.

ભાજપા રમત ગમત સેલના ગુજરાત પ્રદેશના કન્વીનર શ્રી ગૌરાંગ પટેલની અધ્યક્ષતામાં ૨૧ જાન્યુઆરી, ગાંધીનગર મુકામે રમતગમત સેલની દ્વિતીય પ્રદેશ કારોબારી મળી. જેમાં રમતગમત સેલના રાષ્ટ્રીય સહસંયોજક શ્રી સુનિલ ગુપ્તા તથા પ્રદેશ ભાજપાના સંગઠન મહામંત્રી માન. શ્રી ભીખુભાઈ દલસાણીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં પ્રદેશભરમાંથી વિવિધ જિલ્લા મહાનગરોમાંથી કન્વીનરો, સહકન્વીનરો તથા પ્રદેશ પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાએ રમત ગમત સેલને 'રન ફોર યુનિટી' તથા 'ખેલ મહાકુંભ'માં સક્રિય ભૂમિકા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને આગામી લોકસભાની ચૂંટણી સુધી ઘર ઘરના સંપર્ક માટે તથા મિશન ૨૭૨ પ્લસ માટે 'રન ફોર બીજેપી'નું આહવાન કર્યું હતું.

આગામી ૨૦મી ફેબ્રુઆરીના રોજ રમત અને રમતવીરોના સ્વાભિમાન માટે 'ખેલ સંસદ'ના કાર્યક્રમ માટે શ્રી સુનિલ ગુપ્તાએ ગુજરાતના રમતવીરોને ચલો દિલ્હીનું આહવાન કર્યું હતું. શ્રી સુનિલ ગુપ્તાએ વિશેષમાં ગુજરાતમાં માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં યોજાતા 'ખેલ મહાકુંભ'ના આયોજનથી ગુજરાતમાં રમત ગમતની પ્રવૃત્તિને વેગ મળ્યો છે, તેમ જણાવી કેન્દ્રની યુપીએ સરકારનું આજે રમત ગમત માટેનું ઉદાસીન વલણ તથા રાષ્ટ્રીય રમતોની કથળતી જતી સ્થિતિ બાબતે ચિંતા વ્યકત કરી હતી.

પ્રદેશ કન્વીનર શ્રી ગૌરાંગ પટેલે જણાવ્યું હતું કે દેશભરના રમતવીરોના સન્માન અને સ્વાભિમાન માટેના ભારતીય જનતા પાર્ટીના આ પ્રયાસને સમગ્ર ગુજરાતભરમાંથી ૨૦૦૦થી વધુ ખેલાડીઓ આગામી ૨૦મી ફેબ્રુઆરીના રોજ રામલીલા મેદાન દિલ્હી ખાતે યોજાનારા 'ખેલસંસદ'ના કાર્યક્રમમાં ભાગ લઈ કેન્દ્રમાં નેતૃત્વ પરિવર્તનની આહલેક જગાવી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્માં કોંગ્રેસ મુકત ભારતનિર્માણ કરશે.

રાષ્ટ્રીય રમત ગમત સેલના સંયોજક સુનિલ ગુપ્તાનું સ્વાગત ગાંધીનગરનાં કન્વીનર બિપીન જોષીએ જયારે પ્રદેશ કન્વીનર ગૌરાંગ પટેલ અને ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાનું સ્વાગત સહ કન્વીનર સંજય થોરાત દ્વારા કરાયું હતું. કાર્યક્રમની આભાર વિધિ બિપીન જોષીએ કરેલી જયારે આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ગૌરાંગ પટેલ, ડૉ. નિલમ પટેલ, બિપીન જોષી અને ગાંધીનગરના યુવા સાહિત્યકાર સંજય થોરાતે ખડે પગે સેવાઓ આપી હતી.

## ચિત્ર અને ક્વીઝ સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય તટ રક્ષક દળ ઉત્તર-પશ્ચિમ વિભાગ દ્વારા ગુજરાત વન સંશોધન કેન્દ્ર ખાતે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં આર.જી. પટેલ ગર્લ્સ સ્કૂલની ૧૮ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

સેક્ટર-૩૦ સ્થિત વન સંશોધન કેન્દ્ર ખાતે તટરક્ષક દળની ૩૭મી વર્ષગાંઠ નિમિત્તે તટરક્ષક ક્ષેત્રિય મુખ્યાલય દ્વારા ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ભારતીય તટરક્ષકની દરિયાઈ સેવા, દરિયાઈ સુરક્ષા અને દરિયામાં તેલનું પ્રદૂષણ વિષય પર સ્પર્ધા યોજવામાં આવી હતી.

જેમાં આર.જી. પટેલ ગર્લ્સ સ્કૂલની ૧૮ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થિનીએ ત્રીજો નંબર મેળવ્યો હતો. ક્વીઝ સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓએ વિવિધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

## તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તા. ૨૬ જાન્યુઆરી, રવિવાર, બપોરે ૨.૦૦ કલાકે સંસ્થાના હોલમાં યોજાશે. સમારોહમાં સંસ્થાના તમામ સભ્યોએ હાજર રહેવા જણાવ્યું છે.

**તમામ શાળાના આચાર્યોને તાલીમ અપાશે**

# શાળાએ આપવાના માર્કસ બોર્ડમાં રજૂ કરવા જ પડશે

### ગાંધીનગરમાં ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષાની તૈયારીઓ માટેની બેઠકમાં નિર્ણય : ઓનલાઈન પ્રક્રિયા અમલી થશે

અમદાવાદ, તા. ૨૩

ગાંધીનગર ખાતે યોજાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની તૈયારીઓ માટેની બેઠકમાં અનેક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા હ.ા જેના ભાગરૂપે રાજ્યમાં પ્રથમ વખત ઓનલાઈન પ્રક્રિયાને અમલી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયાના ભાગરૂપે જે તે શાળા દ્વારા વર્ષ દરમિયાનની સ્કુલ કોમ્પિટેન્સિવ ઈવેલ્યુશન અંતર્ગત ૩૦ માર્કમાંથી અપાતા માર્ક જે બોર્ડમાં જમા કરવામાં આવે છે તે હવે ઓનલાઈન જમા કરવાના રહેશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ધોરણ ૧૦મી બોર્ડની પરીક્ષામાં કુલ ૯,૭૬,૬૦૯ વિદ્યાર્થીઓ બેસવાના છે ત્યારે આ તમામ વિદ્યાર્થીઓના સ્કુલ કોમ્પિટેન્સિવ ઈવેલ્યુશન અંતર્ગત શાળા દ્વારા અપાયેલા ૩૦માંથી જે માર્ક આવ્યા હશે તેનું પરીણામ ઓનલાઈન બોર્ડમાં દરેક શાળાએ જમા કરાવવાનું રહેશે.

શાળા દ્વારા એફએ-૧, ૨, ૩, ૪ એ એસએ-૧, ૨ નામાંથી અપાતા માર્ક પ્રથમ વખત બોર્ડમાં ઓનલાઈન જમા કરાવશે. દર વર્ષે તમામ શાળાઓમાં વર્ષ દરમ્યાન લેવામાં આવતી ફોર્મેટિવ એસેસમેન્ટ તથા સેમેસ્ટર એસેસમેન્ટ અને બીજા સેમીસ્ટરના ટેસ્ટ મળીને કુલ ટેસ્ટના પ્રત્યેકના પાંચ માર્ક ગણીને કુલ ૩૦ માર્કમાંથી આપતાં માર્કનું સબમિશન દરેક શાળાએ બોર્ડને ઓનલાઈન કરવાનું રહેશે.

શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલ આ નિર્ણયને અમલી બનાવવા માટે રાજ્યની તમામ શાળાના આચાર્યોને આ અંગેની સ્પેશિયલ ટ્રેનિંગ આપવામાં આવશે. અત્યાર સુધી શાળાઓનાં ઓએમઆર શીટ મોકલાવ્યા બાદ સમગ્ર સિસ્ટમ મેન્યુઅલી કરવામાં આવી હતી. માટે તમામ શાળાઓને ફેબ્રુઆરીના અંત પહેલા આ પ્રકારની ટ્રેનિંગ આપવામાં આવશે અને ત્યારબાદ શાળાના આચાર્યોને નઅપાયેલા સ્પેશિયલ લોગઈન આઈડી દ્વારા માર્ક બોર્ડને ઓનલાઈન સબમીટ કરવાના રહેશે.

## 'દલિત રાજનીતિ' મહા નિબંધે દફતર કચેરીમાં સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા. ૨૩

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણથી પીએચ.ડી.ની પદવી મેળવેલ મહેસાણા નિવાસી ડૉ. પી.એ. પરમારે તૈયાર કરેલ. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં દલિતોનું યોગદાન અને દલિત રાજનીતિ શોધ મહા નિબંધ વડોદરાની દફતર ભંડાર કચેરીમાં સ્થાન મેળવ્યું છે.

સમગ્ર દેશમાંથી સંશોધન અર્થે આવતા સંશોધકોને તેમનો ગ્રંથ ઉપયોગી થાય છે. તેથી ગુજરાત રાજ્ય અભિલેખાગાર ગાંધીનગર અને દક્ષિણ ગુજરાત વર્તુળ કચેરીએ ડૉ. પી.એ. પરમારને શુભેચ્છા પાઠવેલ છે. ઉલ્લેખનીય છે કે ડૉ. પરમારને ગુજરાત સરકાર દ્વારા સંત કબીર દલિત સાહિત્ય એવોર્ડ-૨૦૧૨-૧૩ એનાયત કરી બહુમાન કરેલ છે.

## હરિની દૃષ્ટિ...




*સાહેબ, સીલેબસ પૂરો થઈ ગયો લાગે છે, હવે પરીક્ષાનાં હાઉમાંથી બહાર કાઢવાના કલાસ શરૂ કરવાનો સમય આવી ગયો છે.*

## સિદ્ધાર્થ લો કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૩

હાલમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે પદવીદાન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં સિદ્ધાર્થ લૉ કોલેજ ગાંધીનગરમાં એલ.એલ.એમ.માં અભ્યાસ કરતા રાજન સુસરાએ યુનિવર્સિટી પ્રથમ આવી બે ગોલ્ડ અને સેકન્ડ એલ.એલ.બી.માં અભ્યાસ કરતી ઋતા દેસાઈએ બે સુવર્ણ ચંન્દ્રક અને સ્કોલરશીપ રાજયના મહામહિમ રાજયપાલના હસ્તે મેળવ્યા છે. બન્ને વિદ્યાર્થીઓએ કોલેજનું ગૌરવ વધારવાથી કોલેજ પરિવારે શુભેચ્છા પાઠવી છે.

## શતાબ્દિ વર્ષ નિમિત્તે પદયાત્રા યોજાશે

શ્રી અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર અમદાવાદ દ્વારા શ્રી વાસુદેવ સ્વામી મહારાજ (ટેમ્બે સ્વામી) ગરૂડેશ્વરની શતાબ્દિ વર્ષ નિમિત્તે તા. ૫ થી ૧૪ ફેબ્રુઆરી દરમ્યાન પદયાત્રા યોજવામાં આવશે.

ટેમ્બે સ્વામીએ ગરૂડેશ્વર ખાતે ૧૦૦ વર્ષ પૂર્વે સમાધી લીધી હતી. જેની શતાબ્દિ વર્ષ નિમિત્તે અમદાવાદ સોલા ભાગવતથી ગરૂડેશ્વર સુધી પદયાત્રા યોજવામાં આવશે. પદયાત્રામાં ગુજરાતના પ.પૂ. શ્રી રંગ અવધૂત પરિવારના ભાવિ ભક્તજનો જોડાશે. આ પ્રસંગે ગરીબોને અનાજ વિતરણ અને કપડાની કીટનું રાજ્યના વિવિધ ગામડામાં મફત વિતરણ કરવામાં આવશે. પદયાત્રામાં જોડાવા માગતા ભક્તજનોએ તા. ૪ ફેબ્રુઆરી, શનિવારના રોજ સોલા ભાગવત મંદિર ખાતે પહોંચવાનું રહેશે.

**મોડાસામાં પ્રજાસત્તાક દિન નિમિત્તે**

# અરવલ્લી જિલ્લાની વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ધનસુરા, તા.૨૩

સમગ્ર અરવલ્લી જિલ્લામાં ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા એમ.કે. શાહ લાટીવાલા બી.એડ. કોલેજ મોડાસામાં પ્રજાસત્તાક દિન નિમિત્તે કલેકટરશ્રીના આદેશથી જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ગીત સ્પર્ધાનું પીટીસી કોલેજ ખાતે આયોજન કરવામાં આવ્યું. જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં માલપુર, મેઘરજ, મોડાસા, બાયડ, ધનસુરા, ભિલોડા વગેરે કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એ. બી. પ્રજાપતિ, નિલેષ જોશી, જીવદયા પ્રેમી હસમુખભાઈ પટેલ પ્રમુખ રાજય પ્રાથમિક શિક્ષણ સંઘ, પરેશભાઈ પટેલ પ્રાથમિક શિક્ષણ સંઘ, ઈશ્વરભાઈ પટેલ કેળવણી નિરીક્ષક વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય ડો. સંતોષ દેવકરે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને વકતૃત્વ કળાનું મહત્વ સમજાવ્યું હતું. જીવનમાં કોઈ પણ ક્ષેત્ર પસંદ કરો, વકતૃત્વ કળા જેને હસ્તગત હશે તે જ સફળ થશે ત્યાર બાદ મહેમાનોનું પુષ્પગુચ્છ અને પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જીવનમાં સફળતા મેળવવા માટે વકતૃત્વ લેખન અન ગીત જરુરી છે એમ જીવદયા પ્રેમી નિલેષ જોષીએ સ્પર્ધકોને શીખ આપી હતી. સમાપન સમારોહમાં અરવલ્લી જિલ્લાના નાયબ કલેકટર અને જિલ્લા પુરવઠા અધિકારી એસ.બી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિજેતા સ્પર્ધકોને ઉજ્ઞાત જીવનની શીખ આપી હતી. મંડળના પ્રમુખ ડો. અરુણભાઈ શાહ અને પ્રો. અરવિંદભાઈ મોદીએ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વ્રજેશ પંડયાએ કર્યું હતું. કાર્યક્રમની સફળતા માટે તાલીમાર્થી બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# આ દેશને બીજું કોઈ જ - ગુરૂ, પરમાત્મા, નેતા કોઈ જ - બચાવી નહીં શકે, કેવળ યુવાન જ - યુવા ચિત - બચાવી શકશે

વર્તમાનમાં દેશનું સુકાન યુવાનોએ સંભાળવું જોઈએ એવી દૃષ્ટિ ઊભી થઈ રહી છે. અને સદ્ભાગ્યે, દેશના યુવાનો પણ થનગની રહ્યા છે દેશને પ્રગતિના માર્ગે લઈ જવા. સાથે અમેરિકા જેવા દેશો પણ કહે છે કે ભારત આ યુવાનોની મદદથી જ ૨૦૫૦માં વિશ્વનો 'સુપર પાવર' બનશે ત્યારે યુવાનોએ પોતાનામાં કઈ ગુણવત્તા હોવી જોઈએ અથવા તો તે વિકસાવી જોઈએ, તે બાબતે ગંભીરતાથી વિચાર અને પ્રયાસ કરવાના છે.

આચાર્ય રજનીશે આ બાબતે કેટલાક વિચારો આપ્યા છે જે આપણે વાગોળી રહ્યા છીએ. રજનીશે કહ્યું છે કે યુવાનનું પ્રથમ લક્ષણ છે 'સતત શીખવું.' પુષ્કળ જિજ્ઞાસા. 'જો શીખેગા, વો જીતેગા.' બીજું લક્ષણ કહ્યું 'સાહસિકતા' . કેવળ સાહસિક જ આગળ વધી શકે. હવે તે છેલ્લું એક લક્ષણ સમજાવે છે યુવાન હોવાનું ત્રીજું લક્ષણ છે. રજનીશ કહે છે 'એકલા ઊભા રહેવાની હિંમત'

રજનીશ કહે છે કે આ તો યુવાન હોવાનું અનિવાર્ય લક્ષણ છે. મોટાભાગે બધા ભીડ સાથે ઊભા રહેતા હોય છે. પણ જ્યાં વ્યક્તિને એકલા જવાનું હોય છે, ત્યાં ભાગ્યે જ કોઈ જાય છે ભીડ તો પહેલાં રાહ જુવે છે કે રસ્તો કેવો હશે. પણ વ્યક્તિએ તો હિંમત કેળવવી પડે છે. ભારતીય ચેતનાએ એકલા ઊભા રહેવાની સદીઓથી હિંમત ખોઈ નાખી છે. તેને હંમેશ ભીડ જ જોઈએ છે. એટલે જ દેશમાં યુવા ચિત નથી પેદા થતું. પણ યુવાન ચિત્તે તો એકલા રહેવું જ પડશે.

જે દિવસે યુવાન એકલા રહેવાની હિંમત કરે છે, તે દિવસે પહેલી વાર તેનો આત્મા પ્રગટ થવો શરૂ થશે. તેની પ્રતિભા બહાર આવવાની શરૂ થશે. જ્યારે તે કહેશે કે આખી દુનિયા જે માને છે, તે માનવાનું મારો વિવેક નથી માનતો, એટલે હું તો એકલો જ ઊભો રહીશ. હું દુનિયાના પ્રવાહથી વિપરીત તરીશ. ત્યારે તેના જીવનમાં પહેલી વાર પડકાર આવે છે, સંઘર્ષ આવે છે. તેનો આત્મા નીખરે છે. સ્વચ્છ થાય છે, તપીને સોનું બને છે અને એકલા ક્યારે ઊભા રહી શકાય? જયારે વ્યક્તિનો આત્મા જાગે ત્યારે. જયારે તેનો વિવેક જાગે ત્યારે. વિવેક વિના એકલા ન રહી શકાય. માણસ એકલો ત્યારે જ રહી શકે જયારે ભલે દુનિયા તેની સાથે જ હોય , પણ તેનો વિવેક તો હોય જ! તેને સ્પષ્ટ ખબર હોય કે તે જે કરે છે, તે બરાબર જ કરે છે.

ભલેને આખી દુનિયા વિરુદ્ધ હોય. ઈસુ, ગાંધી, સોક્રેટીસ બધા પાસે આ હિંમત હતી. રજનીશ એક જબરું વાક્ય કહે છે કે વ્યક્તિ માને કે તેના પાસે વિવેક છે તો તેના માટે આખી દુનિયા બે કોડીની થઈ જાય છે. વિવેકની તાકાત એટલી જબરી છે કે તેના સામે દુનિયા ક્ષીણ થઈ જાય છે.

**યુવામંચ**

**તારી સાથે કોઇ ન આવે, તો એકલો જાને રે !**

*- હરેશ ધોળકીયા*

યુવાને એક બીજી તાકાત કેળવવાની છેઃ તે છે ડહાપણ મેળવવાની. શિક્ષણ તેને જ્ઞાન આપે છે, પણ ડહાપણ તો તેણે જાતે જ મેળવવું પડે છે. ડહાપણ વિના જે પણ કરે છે. તે બુદ્ધિહીન હોય છે. આજે ચારે બાજુ અનેક બાબતોમાં વિદ્રોહ થતો દેખાય છે પણ તે ડહાપણયુક્ત નથી. બુદ્ધિહીન છે. તેનાથી કોઈનું હીત નથી થતું. ઊલટું નુકસાન થાય છે અને બુદ્ધિમતા એટલે કે ડહાપણ જગાડવાનો એક માત્ર ઉપાય છે 'ધ્યાન.' દરેક યુવાન પાસે ધ્યાન કેળવવાની શક્તિ હોવી જોઈએ. તે ધારે ત્યારે ગાઢ ધ્યાનમાં ઉતરી શકે તેવી તાકાત પણ તેણે કેળવવી જોઈએ. તો જ તે પોતાની ચેતનાને સમજી શકશે. અને રજનીશ કહે છે તે સાથે એક બીજી શક્તિ કેળવવાની છે 'શાંતિની.' વ્યક્તિએ પર શાંતિ કેળવવાની છે અને સમાજ ક્રાંતિ કેળવવાની છે. વ્યક્તિ અંદરથી પરમ શાંતિ હોવી જોઈએ. તો જ તે ક્રોધ, પીડા કે દુઃખથી મુક્ત રહી શકશે.

આવો યુવાન જ સમાજમાં ક્રાંતિ કરી શકશે. આજે સમાજમાં અનેક બિમારીઓ છે. ગરીબ, પછાતપણું, સેકસ પ્રત્યે ગેરસમજો, સ્ત્રી-પુરષ વચ્ચે ગેરસમજો, ભ્રષ્ટાચાર, બેઈમાની વગેરે અનેક બાબતોમાં ગરબડિયા ખ્યાલો આ દેશના લોકોમાં છે. તેને કારણે સમાજ ખૂબ જ દંભી બની ગયો છે. એક દંભી સમાજ સર્જાયો છે. પણ તેને કારણે સમાજ રૂગ્ણ રહે છે. પ્રગતિ નથી કરી શકતો. તે વર્ષોથી, સદીઓથી સડયા કરે છે.

આમ કેમ બન્યું છે? કારણ કે જીવવાના મૂળ મુદ્દાઓ બાબતે કોઈને ચર્ચા નથી કરવી. તે બાબતે બદલવું પણ નથી. બધા એમ માને છે કે બીજા બદલાશે, તો બધું સુધરશે. પણ પોતે બદલવાની વાત નથી કરતા. એટલે આ દેશને આર્થિક, કૌટુંબિક, સમાજિક, માનસિક ક્રાંતિની તાતી જરૂર છે. એક વૈચારિક પુનઃજાગરણની, રેનેસાંની જરૂર છે. એક સાંસ્કૃતિ ક્રાંતિની જરૂર છે અને તેને રાજકારણ સાથે કશો જ સંબંધ નથી. પણ તેને કેવળ યુવાન જ દુર કરી શકે છે. કેવળ સ્વચ્છ યુવાનોજ સમાજમાં સ્વસ્થતા અને પ્રગતિ લાવી શકે છે.

રજનીશ કહે છે કે યુવાન વ્યક્તિઓ જયારે શક્તિશાળી બનશે, ત્યારે જ તેના વ્યક્તિત્વનું આમૂલ પરિવર્તન થવું શરૂ થશે. તેનું મગજ અંદરથી શાંત થશે અને છતાંય સમાજને બદલવા માટે આગથી ભરેલું હશે. તેનામાં જીવનને બદલવાની તીવ્ર પીડા થશે.

અત્યારે જેઓ શાળા કોલેજોમાં ભણે છે, તેમના સામે પરિવર્તનના વિચારો મૂકવાની જરૂર છે. તેમને યુવાન થવાની તાલીમ આપવાની જરૂર છે. તેમને અલગ રીતે વિચાર કરતાં શીખવવાની જરૂર છે. તેમને વિવેક જગાડતાં શીખવવાની જરૂર છે. તેમને એકલા ઊભા રહેતાં શીખવવાની જરૂર છે. આ યુવાનો જ આવતી કાલના નાગરિકો છે. દેશની આશા છે. જો આ બધું કરવામાં આવે, તો આવતાં વીસ વર્ષમાં દેશની કાયાપલટ થઈ જાય. વીસ વર્ષમાં નવી પેઢીમાં તાકાત આવી જાય અને દેશ અદ્ભુત બની જાય.

યુવાનોએ પણ જાતે આવું વિચારવાની જરૂર છે. તેમણે જાગૃત થવાની જરૂર છે. કોઈનું શિષ્યત્વ સ્વીકારવાના બદલે જાતે જ વિચારવાની જરૂર છે. આ દેશને બીજું કોઈ જ- ગુરુ, પરમાત્મા, નેતા કોઈ જ - બચાવી નહીં શકે. કેવળ યુવાન જ -યુવા ચિત - બચાવી શકશે.

રજનીશના વિચારો અદ્ભુત છે. આજથી વર્ષો પહેલાં કહ્યા હોવા છતાં આજની પળે પણ તે એટલા જ તાજા, ઉપયોગી છે. આજે જયારે યુવાનો આગળ વધવા, પ્રગતિ કરવા થનગની રહ્યા છે, ત્યારે આ વિચારોનું ચિંતન, મનન અને અમલીકરણ કરાય તો વિકાસની પ્રક્રિયા ખૂબ જ ઝડપી બની શકે છે.